## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આને વઢશો નહીં... વાંક તમારો છે... તમે ટીવીમાં પકોડાવાળા ભાષણ જોતા હતા... તે સાંભળી ગયો લાગે છે...!!

# આઉટસોર્સીંગ એજન્સીઓને ટેન્ડરની શરતોનું ચૂસ્ત પાલન કરવા સરકારનુ સૂચન

ગાંધીનગર, તા. ૯

આરોગ્યક્ષેત્રે મેનપાવર આઉટ સોર્સીંગથી કામ કરતા જુદી જુદી કક્ષાના કર્મચારીઓ માટે આનંદના સમાચાર છે. આઉટ સોર્સીંગ એજન્સીઓ હવે કર્મચારીઓનું શોષણ નહી કરી શકે. સરકારે ઉચ્ચસ્તરીય બેઠકમાં પરિપત્ર કરી ટેન્ડરની કન્ડીશન મુજબ શરતોનું ચૂસ્તપણે પાલન કરવા જણાવ્યુ છે.

રાજ્યના આરોગ્યક્ષેત્રે સેવાઓ માટે મોટા પ્રમાણમાં મેનપાવર આઉટસોર્સીંગ એજન્સીના માધ્યમથી વિવિધ વર્ગ-૩, વર્ગ-૪ના કર્મચારીઓની ભરતી ટેન્ડર પદ્ધતિથી કરવામાં આવે છે. આઉટસોર્સીંગ એજન્સીઓ વારંવાર કર્મચારીઓ સાથે શોષણ કરી રહ્યા હોવાની અનેક ફરિયાદ ઉઠવા પામી છે. એજન્સીઓ ટેન્ડરના નિયમોનું પાલન નથી કરતી. આ બાબતે આરોગ્ય વિભાગને સંખ્યાબંધ ફરિયાદો મળી હતી. આરોગ્ય કચેરીમાં મળેલી ફરિયાદના નિવારણ માટે નાયબ મુખ્યમંત્રીની આગેવાનીમાં તાજેતરમાં બેઠક મળી હતી. જેમાં મેનપાવર આઉટસોર્સીંગ ટેન્ડરની સરતોનું પાલન કરવા જણાવ્યુ છે અને આઉટસોર્સીંગ એજન્સીઓએ આઉટ સોર્સીંગ કર્મચારીઓને બાયોમેટ્રીકની સુવિધા પૂરી પાડવી, એનઈએફટી/ આરટીજીએસ મારફતે કર્મચારીઓને પગારનુ ચૂકવણુ કરવુ, દરેક કર્મચારીઓના બેંકમાં સેલેરી એકાઉન્ટ ખોલાવી આપવા તથા શ્રમ આયુક્ત કમિશ્નરના તેમજ ગુજરાત રાજ્યના નીતિ નિયમોનું પાલન કરાવવા જણાવ્યુ છે. શરતો મુજબ તમામ વિભાગીય નાયબ નિયામક દ્વારા નક્કી થયેલ સંબંધિત એજન્સીઓએ ટેન્ડરની શરતોનું ચૂસ્તપણે અમલ કરે છે કે કેમ તેની પુરતી ચકાસણી કરવા અંગે જવાબદારી સંબંધિત વિભાગીય નાયબ નિયામકની રહેશે જેથી કર્મચારીઓને પગાર બાબતની વિસંગતતા દૂર કરી શકાય અને સાથે સાથે મેનપાવર આઉટસોર્સીંગથી લેવામાં આવતી સેવાઓ અંગેના બીલોનું ચકાસણી કરી સમયસર ચુકવણુ થાય તેની પણ કાળજી રાખવા સંબંધિત કક્ષાએથી રાખવાની રહેશે. પરિણામે કર્મચારીઓને સમયસર પગાર થઈ શકશે તેમ પરિપત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# આવતીકાલથી ત્રિદિવસીય પુસ્તક મેળો : વિવિધ સ્પર્ધાઓ

ગાંધીનગર તા.૯

ગાંધીનગર કલ્ચરલ ફોરમના 'ગ્રીષ્મોત્સવ' અંતર્ગત તા.૧૧-૧૨-૧૩ મે, ૨૦૧૮ દરમિયાન ભવ્ય પુસ્તકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના અગ્રણી પ્રકાશકો આ પુસ્તકમેળામાં ભાગ લેશે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી વિષ્ણુભાઇ પંડ્યા તા.૧૧ મી મે, ને શુક્રવારે સાંજે ૪-૦૦ કલાકે ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે યોજાનારા પુસ્તકમેળાનો શુભારંભ કરાવશે. ગાંધીનગરના પુસ્તકપ્રેમીઓને આ પુસ્તકમેળા દરમિયાન પુસ્તકોની ખરીદી પર ૨૦ ટકા જેટલું ખાસ ડિસ્કાઉન્ટ મળશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આ વર્ષે ગ્રીષ્મોત્સવની ઉજવણી અતિ વિશિષ્ટ રીતે થઈ રહી છે. સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથોસાથ તા.૧૧-૧૨-૧૩ મે, ૨૦૧૮ દરમિયાન ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ, ગાંધીનગર ખાતે દિવસ દરમિયાન સાહિત્યિક કાર્યક્રમો અને બાળકો મહિલાઓ માટે વૈવિધ્યસભર સ્પર્ધાઓનું પણ આયોજન કરાયું છે.

તા.૧૧-૧૨-૧૩ મે દરમિયાન સવારે ૮.૩૦ વાગ્યાથી વક્તૃત્વકલા શિબિર અને વાંચન શિબિર યોજાશે. તા. ૧૧ મી મે એ બપોરે ૧૨-૩૦ વાગ્યાથી બહેનો માટે શાકાહારી વાનગી સ્પર્ધા યોજાશે. જ્યારે તા. ૧૨ મી મે એ બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજાશે. ગાંધીનગરના યુવાનો, મહિલાઓ અને બાળકો મોટી સંખ્યામાં ભાગ લઈ રહ્યા છે.

આ ત્રણેય દિવસો દરમિયાન દરરોજ બપોરે ૩.૦૦ વાગ્યાથી રાત્રીના ૮.૦૦ વાગ્યા સુધી ભવ્ય પુસ્તકમેળો યોજાશે. ગુજરાતના અગ્રણી પ્રકાશનગૃહો આ પુસ્તકમેળામાં ભાગ લઈ રહ્યા છે. ગાંધીનગરના પુસ્તકપ્રેમી નાગરિકો માટે આ પુસ્તકમેળામાં ૨૦ ટકાના વિશેષ વળતરની સુવિધા પણ છે.

# બોરીજના દબાણ તુટતા ગ્રામ્ય વિસ્તારના દબાણકારોમાં ભય

ગાંધીનગર શહેરના અક્ષરધામ પાસે આવેલ બોરીજ ગામની સરકારી જમીન પર ઉભા થયેલા પાકા દબાણો તંત્ર દ્વારા તોડી પાડવામાં આવતા અન્ય દબાણકારોમાં પણ ભય વ્યાપી જવા પામ્યો છે. ત્યારે શહેર નજીકના એક ગામમાં પણ તાજેતરમાં કોઈએ તંત્ર દ્વારા દબાણ હટાવવામાં આવશે તે પ્રકારનું બેનર લગાવવામાં આવ્યું હતું. ત્યારે ગામના રહીશોમાં પણ ભય ફેલાયો હતો. ત્યારે બોરીજ ગામની જમીનમાં દબાણ હટાવતા પોતાના પણ દબાણ દુર થશે તેવી દહેશત દરેક સરકારી જમીનમાં પાકા દબાણકારોમાં ફેલાઈ છે. શહેરના ગામોમાંથી દબાણ દુર થવાના ડરે ગ્રામ્ય વિસ્તારના નાગરીકો શહેરના સેકટરોમાં તેમજ ન્યું ગાંધીનગર વિસ્તારમાં આવેલ ફલેટમાં મકાન ભાડે મળે તે માટે શોધખોળ આદરી છે. ત્યારે સેકટરના રહીશોએ પણ ખાલી મકાનોના ભાડામાં તોંતિગ વધારો ઝીંકી દીધો છે. જયારે કેટલાક નાગરીકો ના છુટકે આસપાસના ગામમાં ઓછા ભાડામાં રહેવા માટે મજબુર બન્યા છે. ત્યારે સરકારી વહીવટી તંત્રનું બુલડોઝર ગમે તે સમયે, ગમે તે ગામના દબાણ પર ફરી વળશે તેનો ડર દબાણકર્તાઓમાં સતાવી રહ્યો છે.જયારે કેટલાક દબાણકારોએ ભાડાના મકાનો રાખીને પોતાની મહામુલી ચીજવસ્તુઓ શીફ્ટ પણ કરી દીધી છે. તેમજ માત્ર ગણીગાંઠી ઘરવખરીનો સામાન જ કાચા-પાંકા દબાણવાળા મકાનોમાં રાખ્યો છે. જેથી ગમે તે સમયે દબાણની ટીમ ત્રાટકે તો ખાસ કંઈ દોડાદોડી કરવી પડે નહી. પરંતુ હાલના સમયે તો સેકટરના તેમજ ગ્રામ્ય વિસ્તારના દબાણકારોમાં તંત્રએ ભય ઉભો કરી દીધો છે.

# સ્ટુડન્ટ એક્સ્ચેન્જ પ્રોગ્રામ અંતર્ગત જીલ જોષી જાપાન જવા રવાના

ગાંધીનગર, તા. ૯

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એચ.કે. આર્ટસ કોલેજની વિદ્યાર્થીની જીલ જગદીશકુમાર જોષીની ઓટોમોન ગાકુઈન યુનિવર્સિટી જાપાનના આંતરરાષ્ટ્રીય સેન્ટર દ્વારા યોજાતા ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ એકસચેન્જ પ્રોગ્રામ અંતર્ગત પસંદગી કરવામાં આવી છે. આ અંતર્ગત જીલ જોષી આજે જાપાન જવા રવાના થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે જીલ જોષી ભારતીય શાસ્ત્રીય નૃત્યો ભારત નાટ્યમ અને કથ્થકમાં નિપુણ છે તેમજ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ આ નૃત્યો ઉપરાંત નાટક, સ્કીટ સહિતના સ્ટેજ કાર્યક્રમોમાં તેમજ સ્પર્ધાઓમાં ભાગ લઈ ચુક્યા છે. જીલ જોષી જાપાનમાં ત્યાનાં સ્થાનિક શાસ્ત્રી નૃત્ય, જાપાનીઝ ભાષા તથા માર્શલ આર્ટની તાલીમ મેળવશે તેમજ



ભારતીય નૃત્યો અને રાષ્ટ્રભાષા હિન્દીના વર્કશોપ યોજાશે જેમાં જાપાનીઝ વિદ્યાર્થીઓને તાલીમ આપશે.

# ચિલોડા સર્કલ પાસે બે બેટરી ચોર ઝડપાયા

ગાંધીનગર, તા.૯

ચિલોડા પોલીસે ચિલોડા સર્કલ પર વાહન ચેકીંગ દરમિયાન રીક્ષામાંથી બે બેટરી ચોર શખ્સોને રંગી હાથ ઝડપી પાડયા હતા અને આ શખ્સોની પાસેથી ૪ ચોરીની બટેરી અને રીક્ષા સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો જેની વધુ તપાસ પીએસઆઈ આર.ડી. દામા ચલાવી રહ્યા છે.

ચિલોડા પોલીસના પી.આઈ. એલ.ડી. વાઘેલા કોન્સ્ટેબલ રાકેશભાઈ, રતનસિંહ તથા પ્રદિપસિંહ ચંપકસિંહ, રમેશભાઈ તથા રાકેશકુમાર મોહનભાઈ વગેરે પોલીસ કર્મી ચિલોડા સર્કલ નજીક વાહન ચેકીંગ કરી રહ્યા હતા દરમિયાન પોલીસે શંકાસ્પદ સીએનજી રીક્ષા નંબર જીજે ૧ સી.વી. ૭૭૦૨ ને અટકાવી તપાસ કરતા ગણેશ નારણભાઈ ભાટી (ઉ.વ. ૨૫) નંદીગ્રામ છાપરામાં નાના ચિલોડા તથા રમેશ મોતીભાઈ કાલબેલીયા (ઉ.વ. ૨૦)નંદીગ્રામ છાપરામાં નાના ચિલોડા અમદાવાદ હતી. આરોપીઓ ચિલોડા હાઈવે ઉપર રસ્તો બનાવવાના કામના મશીનોમાંથી બેટરીઓ કાઢી જતા હોવાનું પણ તપાસમાં ખુલ્યું હતું.




પાસેથી આધાર પુરાવા વગરની કુલ ૪ બેટરી પકડી પાડી હતી અને આ બેટરી ચોરીની હોવાની કબુલાત કરી પોલીસ આ મામલે રૂ. ૪૫૦૦૦ની બેટરી, ૨૦૦૦૦ની કિંમતની રીક્ષા સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# ગાંધીનગર જિલ્લા ટાસ્ક ફોર્સ ઈમ્યુનાઈઝેશનની યોજાયેલ બેઠક

સમગ્ર દેશમાં આગામી તા. ૧૫ જુલાઈ, ૨૦૧૮થી એક માસ માટે ઓરી અને રૂબેલા રસીકરણ અભિયાન હાથ ધરાશે. ગાંધીનગર જિલ્લામાં આ અભિયાનના અસરકારક આયોજન અને અમલીકરણ માટે જિલ્લા કલેકટર એસ.કે. લાંગાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ હતી.

જિલ્લાના શિક્ષણ, આરોગ્ય અને અન્ય સંબંધિત અધિકારીઓ હેલ્થ ઓફિસરો તથા વિવિધ એન.જી.ઓ. સાથે યોજાયેલ બેઠકમાં જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, નવ માસથી ૧૫ વર્ષે સુધીના તમામ બાળકોને ઓરી અને રૂબેલા રસીકરણ અભિયાનમાં આવરી લેવા માઈક્રો પ્લાનીંગ કરવા જણાવ્યું હતું. ગાંધીનગર જિલ્લાની તમામ સરકારી અને ખાનગી સહિત વિવિધ ડીફેન્સ વિભાગની શાળાઓ સહિત જિલ્લાના ચાર તાલુકાના અંદાજે ૩,૫૧,૭૧૦ અને શહેરી વિસ્તારના ૫૩,૪૫૭ બાળકો મળી કુલ- ૪,૦૫,૧૬૭ બાળકોને આવરી લેવાનું આયોજન કર્યું છે. આ અભિયાનનો ૧૦૦ ટકા લક્ષ્યાંક સિધ્ધ થાય તે માટે બારીકાઈથી સર્વે ધરવા સંબંધિતોને સૂચનાઓ આપી હતી. બાયો મેડીકલ વેસ્ટના નિકાલ અંગે પણ અસરકારક આયોજન અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારી હિતેષભાઇ કોયાએ જણાવ્યું હતું કે, તમામ બાળકોનું ભૂખ્યા પેટે રસીકરણ ન થાય અને રસીકરણ કરેલ તમામ બાળકોનું ખાસ મોનીટરીંગનું માળખું ઉભું કરવા વિવિધ સૂચના કર્યા હતા. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ડાૅ. સંદિપ અને ડાૅ. વિકાસે ઓરી અને રૂબેલાના રસીકરણ અભિયાન અંગે પ્રેઝેન્ટેશન દ્વરા વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગુજરાતમાં આરંભાયો જળસંચય માટે જનશક્તિના સામર્થ્યનો પુરુષાર્થ યજ્ઞ

**પ્રાસંગિક**
ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા

ગરવી ગુજરાત, આપણી ગુર્જરધરા, આપણે ગુજરાતીઓ એટલે કે ગુજરાતની જનતા તથા ગુજરાતનું વહીવટીતંત્ર, સમગ્ર દેશમાં કોઈને કોઈ ક્ષેત્રે આગવી પહેલ કરવા ખ્યાતી ધરાવીએ છીએ. ઈતિહાસ સાક્ષી છે કે અનેક ક્ષેત્રોમાં ગુજરાતે સમગ્ર દેશમાં આગવી પહેલ કરી છે પરંતુ આજે વાત કરવી છે જળ વ્યવસ્થાપનની.

યાદ કરીએ વર્ષ ૨૦૦૦-૨૦૦૧ના એ દિવસો જયારે તત્કાલીન મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ અને હાલના વડાપ્રધાન તથા તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વમાં ગુજરાત સરકારે જનતા જનાર્દનની અથાક શક્તિ સાથે પ્રચંડ જળસંચય અભિયાન આરંભેલું અને જળસંચય ક્ષેત્રે ગુજરાતે સમગ્ર દેશને એક સંકલ્પ સાથે સંદેશ આપેલો.

આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે ૧લી મેથી સમગ્ર રાજ્યમાં જનતા જનાર્દનના સહયોગ સાથે સુજલામ્ સુફલામ્ જળ અભિયાનનો પ્રારંભ કર્યો છે. રાજ્યના તમામ વિસ્તારોમાં તળાવો ઊંડા કરવા, ચેકડેમનું સમારકામ, નહેરોની સફાઈ, નદીઓનાં પુનઃજીવન જેવા જળસંચયના અનેક કામો પ્રજાકીય જાગૃતિ અને ઉત્સાહ વચ્ચે ચાલી રહ્યા છે. વાસ્તવિકતા એ છે કે, સુજલામ્ સુફલામ્ જળ અભિયાન એ ઈશ્વરીય સંકેત સમજવાનો અને વરસાદરૂપી ઈશ્વરીય પ્રસાદને પામવાનો આ અમૂલ્ય અવસર છે. ગત દિવસોમાં ઉપરવાસમાં અપૂરતા વરસાદને કારણે નર્મદામૈયાની ઉપલબ્ધ જળરાશિમાં ઘટાડો થયો અને રાજ્યમાં ક્યાંક ક્યાંક સિંચાઈ માટે નર્મદાના પાણીનો કાપ મૂકવાનો રાજ્ય સરકારને કઠોર નિર્ણય લેવો પડ્યો. સ્વાભાવિક છે કે ભવિષ્યની જરૂરિયાત અને સંભાવનાઓને ધ્યાનમાં લઈને પીવાના પાણીની રાજ્યની જરૂરિયાત અને અગ્રતાને સમજી વહીવટીતંત્ર માટે પીવાના પાણીના પુરવઠાને જાળવવાનો રાજ્ય સરકાર માટે અગ્રતાક્રમ હોય.

આ સંજોગોમાં નર્મદા યોજનાનો વિકલ્પ નહીં પરંતુ તેને પૂરક બની શકાય તે રીતે વરસાદી પાણીના મહત્તમ સંગ્રહનું આયોજન કરવું જ પડે ને વિજયભાઈ રૂપાણીની સરકારે જનતાના સહયોગથી આ અભિયાન આરંભ્યું અને આ અભિયાન એટલે સુજલામ્ સુફલામ્ જળઅભિયાન.

રાજ્ય સરકારે આ ઈશ્વરીય સંકેતને સમજીને વરસાદરૂપી ઈશ્વરીય પ્રસાદને પામવાનો અવસર વધાવી લીધો છે. એમ પણ કહી શકાય કે જળસંચય માટેનો આ શ્રેષ્ઠ અવસર છે અને આ અવસર જતો ન રહે તેવી રાજ્ય સરકારે કોઈ પણ જાતની કચાશ રાખ્યા સિવાય કાળજી રાખી છે, એટલે જ તો સુજલામ્ સુફલામ્ જળઅભિયાનમાં સ્વૈચ્છિક, સામાજિક, ધાર્મિક, ઔદ્યોગિક સંસ્થાઓ ઉપરાંત સ્થાનિક ગ્રામજનોનો પણ સહયોગ મળ્યો છે.

સુજલામ્ સુફલામ્ જળ-અભિયાન દ્વારા આપણે આ જ વરસાદી પાણીનો મહત્તમ જળસંગ્રહ કરીશું તો પીવાનાં પાણીના નર્મદામૈયાના પુરવઠાને પૂરક બનશે અને બીજી તરફ ખેડૂતો વર્ષમાં બેથી ત્રણ પાક સહેલાઈથી લઈ શકશે. સિંચાઈ માટે ખેડૂતોને પૂરતું પાણી મળી રહેશે. જ્યાં અત્યારે એકાંતરે પીવાના પાણી મળે છે ત્યાં જળસંચયને કારણે તળાવે કે નદીઓની આસપાસના કૂવા કે બોર રિચાર્જ થતાં પીવાના પાણીના પુરવઠાની ઉપલબ્ધિમાં પણ વધારો થશે. જળ એજ જીવન છે, પાણી બચાવો, પાણી આપણને બચાવશે, જલ હૈ તો કલ હૈ, આવાં સૂત્રો માત્ર ભીંતો પર લખવા માટેનાં નથી પરંતુ હૃદયમાં તે અંકિત થવાં જોઈએ. ઈઝરાયેલ જેવા ટચૂકડા દેશે આવાં બધાં જ સૂત્રોને ખૂબ જ સફળતાપૂર્વક ચરિતાર્થ કરી બતાવ્યાં છે. મારો અનુભવ છે કે, વાર્ષિક માત્ર સાડા ત્રણ ઈંચ વરસાદ પડવા છતાં પણ ઈઝરાયેલે ક્યારેય પાણીની તંગીનો અનુભવ કર્યો નથી.

સરેરાશ સિત્તેર-એંશી ફૂટની ઊંડાઈના અવાવરુ કૂવાઓમાં ખોબે પાણી પી શકાય તેવી ચમત્કાર સમાન સ્થિતિ સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં અનેક વખત આપણને જોવા મળી છે. એવાં દ્રશ્યો પણ જોવા મળ્યાં છે કે ત્રણસોથી પાંચસો ફૂટની ઊંડાઈના સૂકાભઠ્ઠ અને જેના પર કંતાન ઢંકાઈ ગયા હોય તેવા નિષ્પાણ બોર પણ ચેકડેમ દ્વારા જળસંચય થવાને કારણે ભૂગર્ભજળ રિચાર્જ થવાથી જીવંત બન્યા હોય અને વગર પમ્પીંગે દિવસો સુધી આ બોરમાંથી પાણી ખેતરોમાં વહેતાં હોય. શું આપણે આ દૃશ્યોને કુદરતનો ચમત્કાર નહીં કહીએ ? એટલે જ આપણે અપકાર કર્યો છે. જળરાશિનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાને બદલે તેનો વેડફાટ કરી અપકાર કરવાની આપણી માનસિકતાને હવે તિલાંજલિ આપવી પડશે. આપણાં ઘરે કોઈ મહેમાન આવે ત્યારે પાણીનો આખો ગ્લાસ તેની જરૂરિયાત ન હોય છતાં પણ આપીએ અને પછી અડધો ગ્લાસ ઢોળી દેવું પડે તેને બદલે મહેમાનને અડધો ગ્લાસ પાણી આપી જરૂર પડે તો વધુ પાણી આપી આપણે મહેમાનનું આતિથ્ય ન કરી શકીએ ? આ ઉપરાંત પણ રોજિંદા જીવનમાં ઘરગથ્થુ કામોમાં પાણીની વપરાશમાં આપણે પાણીનો જરૂર પૂરતો ઉપયોગ કરી શકીએ. આજે મોટાભાગના ઘરમાં પાણીને શુદ્ધ કરવાના આર.ઓ. મશીન હોય છે, જેમાં પાણીને શુધ્ધ કરવાની પ્રક્રિયામાં ૭૦-૮૦ ટકા અશુદ્ધ પાણી બહાર વહી જાય તેને બદલે તે પાણી સંડાસ, બાથરૂમ, વાસણ, કપડાં ધોવામાં વાપરીએ તો પાણીના રિસાઈકલિંગથી પાણીની ઘણી બચત થશે.

રાજ્ય સરકારે તો જળસંચયના મહાત્મયનો સ્વીકાર કરેલો જ છે. વરસાદી પાણીના સંગ્રહનું મૂલ્ય રાજ્યના વહીવટીતંત્રે અને ગુજરાતની જનતાએ સ્વીકાર્યું જ છે એટલે જ તો ગત વર્ષોમાં રાજ્યના જળસંપત્તિ વિભાગ ઉપરાંત અલગ-અલગ વિભાગો દ્વારા રાજ્યમાં ૧.૭૦ લાખથી વધુ ચેકડેમ બન્યા છે.

સુજલામ્ સુફલામ્ જળ-અભિયાન દ્વારા રાજ્યમાં ૧૩ હજાર જેટલાં તળાવો-ચેકડેમ જળાશયો ઊંડા કરાશે અને પરંપરાગત જળસ્રોતનાં નવીનીકરણનાં કામ હાથ ધરાશે. આ કામગીરીનાં પરિણામે ૧૧ હજાર લાખ ઘનફૂટ વરસાદી પાણીનો સંગ્રહ થશે. ત્રીસ જિલ્લાની અંદાજીત ૩૪૦ કિલોમીટરની ૩૨ નદીઓ પુનઃજીવિત કરાશે. ૫૪૦૦ કિલોમીટર લંબાઈની નહેરોની સફાઈ અને મરામત, ૫૮૦ કિલોમીટરના કાંસની સફાઈ થશે.

આ જળઅભિયાનમાં રાજ્યની અનેક સેવાભાવી સંસ્થાઓ, સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ તથા ધાર્મિક, સામાજિક સંસ્થાઓએ ક્યાંક આર્થિક સહયોગ તો ક્યાંક જનજાગૃતિના પ્રયાસો દ્વારા પ્રત્યક્ષ યા પરોક્ષ સહયોગ આપ્યો છે તેના આપણે ઋણી છીએ. આટલું મોટું જળઅભિયાન પ્રજાકીય શક્તિના સથવારે અને તેની હૂંફની અપેક્ષાથી રાજ્ય સરકારે આરંભ્યું હોય ત્યારે આપણે પણ તેમાં સહભાગી બનીને તે સમયનો તકાદો છે. ગુજરાતની જનતાને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના શબ્દોમાં કહીએ તો હરહંમેશ આપત્તિને અવસરમાં પલટાવી છે ત્યારે આ તો આપત્તિ નહીં પણ ઈશ્વરે આપણી કસોટી કરી છે અને આ કસોટીમાંથી ગુજરાતની ખમીરવંતી જનતા ભૂતકાળની જેમ બહાર આવવાની જ છે. સુજલામ્ સુફલામ્ જળઅભિયાન જનતા જનાર્દનની શક્તિ સાથે સફળ થવાનું જ છે તેવો વિશ્વાસ અલેખે ન જાય તે જોવાની જવાબદારી ગુજરાતની જનતાની છે અને આ જવાબદારી ગુજરાતની જનતા સુપેરે અદા કરશે તેવો વિશ્વાસ છે.

(લેખક જાણીતા શિક્ષણવિદ્ અને ગુજરાતના શિક્ષણમંત્રી છે.)

# સુજલામ્ સુફલામ્ જળ અભિયાનને સમગ્ર રાજ્યમાં સાંપડી રહેલો વ્યાપક જન પ્રતિસાદ

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ અમદાવાદ જિલ્લાના ઓડ ગામે આ અભિયાન અંતર્ગત તળાવ ઊંડા કરવાના કાર્યનો પ્રારંભ કરાવતાં સુજલામ્ સુફલામ્ જળ અભિયાન ગુજરાતને પાણીની સમસ્યાથી કાયમી મુકિત અપાવનારૂં જનઅભિયાન બની રહેશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યકત કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ જનશકિતના સામર્થ્યનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, સુજલામ્ સુફલામ્ જળસંચય અભિયાન ૧૦૦ ટકા જનભાગીદારીથી હાથ ધરાઇ રહ્યું છે. તળાવો ઊંડા કરવાથી જે માટી નીકળે છે તેની કોઇ જ રોયલ્ટી સરકાર લેશે નહિ એવો નિર્ણય કર્યો છે.

## અમદાવાદના ઓડ ગામનું તળાવ ઊંડું કરવાના કાર્યમાં ગ્રામજનો સાથે શ્રમદાનમાં જોડાતા CM



મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું કે, રાજ્યભરમાં ૧૩૦૦૦ તળાવો ઊંડા કરવાનું તેમજ ૩૨ નદીઓ પુનઃજીવિત કરવાનું સૌથી મોટુ જળસંચય અભિયાન દેશભરમાં ગુજરાતની આ સરકારે ઊપાડયું છે. આ અભિયાનથી ૧૧૦૦૦ લાખ ઘનફૂટથી વધુ પાણીનો જથ્થો સંગ્રહ કરી શકાશે.

મુખ્યમંત્રીશ્રીએ જળસંચયના આ અભિયાનને રાજ્યના લોકો તન મન અને ધનથી તેમજ ઉત્સાહથી સહકાર આપી રહ્યા છે તે માટે અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે અમદાવાદ જિલ્લા કલેકટર કચેરી તેમજ જિલ્લા પંચાયતના કર્મચારીઓ-અધિકારીઓ દ્વારા જળસંચયના આ અભિયાન માટે પોતાના એક દિવસના પગાર પેટે રૂપિયા ૧૧ લાખનો ચેક મુખ્યમંત્રીશ્રીને અર્પણ કરી જળસંચયના આ મહાયજ્ઞમાં સહભાગી બન્યા છે. મુખ્યમંત્રીશ્રીએ કર્મચારીઓ-અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા અને આ કાર્ય બીજાને પ્રેરણાદાયી બની રહેશે તેવી અપેક્ષા દર્શાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, અમદાવાદની ખારીકટ કેનાલમાંથી રોજનો ૧,૦૦૦ ટન કચરાનો નિકાલ કરી સ્વચ્છ કરવામાં આવી રહી છે. તેમજ સ્વચ્છતા માટે ૪,૦૦૦ થી વધુ કચરા ટોપલીનું વિતરણ કરાયું છે ત્યારે આપણું ગામ અને શહેર સ્વચ્છ રહે તેની જવાબદારી સ્વયંમ ઉપાડી લઈએ. સરકાર સાથે સ્વૈચ્છિક સંસ્થાઓ અને પ્રત્યેક ગુજરાતી આ જળઅભિયાનમાં જોડાઈને ભાવિ પેઢીને સમૃદ્ધ જળવારસો આપે એમ તેમણે ઉમેર્યુ હતું. જળસંચયના કાર્યક્રમમાં ૧૦૮ ટ્રેક્ટરની પરેડ કરવામાં આવી હતી. ગામની બહેનોએ મુખ્યમંત્રીશ્રીને ઊષ્માથી આવકાર્યા હતા.

## જળસંચય માટે તળાવ ઊંડું કરવાની સાથે રોજગારી મેળવતા છગીયાના ગ્રામજનો



સુજલામ્ સુફલામ્ જળસંગ્રહ અભિયાન અન્વયે સુત્રાપાડા તાલુકાના છગીયા ગામે તળાવને ઊંડું ઉતારવાની કામગીરી કાર્યરત છે. મનરેગા યોજના તળે આ તળાવને ઊંડું ઉતારવાથી વહી જતા વરસાદી પાણીનો વધુ સંગ્રહ થશે.

સરપંચશ્રી જેશીગભાઈ બારડે જણાવ્યું હતું કે, અમારા ગામનું આ તળાવ વર્ષો જૂનું છે. મનરેગા યોજના અંતર્ગત તળાવ ઊંડું ઉતારવાની કામગીરી શરૂ કરવામાં આવતા ગામના શ્રમજીવી પરિવારોને રોજગારી મળતી થઈ છે. ગામની વસ્તી બે હજારની આસપાસ છે. રોજગારી મેળવવા ઈચ્છતા લોકોને આ યોજના તળે રોજગારી આપી તેમના કામના પ્રમાણમાં વેતન ચૂકવવામાં આવે છે. શ્રમજીવી નાનજીભાઈ બામણીયાએ કહ્યું કે, અમારા ગામમાં આ તળાવ ઊંડું ઉતારવાની કામગીરી શરૂ થતા મારા કુંટુંબને રોજગારી મળતી થઈ છે. બેરોજગાર શ્રમજીવીઓને કામ મળવાની સાથે તળાવો ઊંડા થતા જળસંગ્રહ પણ થશે.

## જળ અભિયાનમાં જોડાવા માટે સંતોની હાકલ

રાજ્ય સરકાર દ્વારા આયોજિત આ સુજલામ્ સુફલામ્ જળ અભિયાનને સાચા અર્થમાં ભગવાનના આશીર્વાદ મળશે. સરકાર સાથે જનસમૂહ જોડાય તો કામ દીપી ઊઠે. વ્યાપક જન-ભાગીદારીથી મહાઅભિયાનને સાર્થક કરી પાણી બચાવીએ અને પાણીદાર ગુજરાતનું નિર્માણ કરીએ.

- મહંતશ્રી વલકુ બાપુ
ચલાલા - અમરેલી

પાણીને પરમેશ્વરનો પ્રસાદ ગણી સદ્ઉપયોગ કરીએ. ભગવાન રીઝાય તો જ ઢગલો પાણી વરસાદ સ્વરૂપે આપે છે. કુદરતની લીલા હોય તો આપણે સુખી થઈશું. રાજ્ય સરકાર અભિયાન લઈને આવી છે ત્યારે આપણે પણ જળસંગ્રહ માટે સંકલ્પબદ્ધ થઈએ.

- મહંતશ્રી શ્રવણભારતીજી
દાંતા - બનાસકાંઠા